3૯ BOM

Item No: 39.3 & 39.4

# આણંદ કૃષિ યુનિવર્સિટી

## આણંદ

જા.નં આકૃયુ/રજી/સીસી.ર/ખાનગી/૬૭૫/૨૫ તા. ૨૦/૧૧/૨૦૧૫

**ખાનગી**

પ્રતિ,

મદદનીશ કુલસચિવશ્રી(એકેડેમીક)

કુલસચિવશ્રીની કચેરી,

આણંદ કૃષિ યુનિવર્સિટી,

આણંદ.

વિષયઃ- નિયામક મંડળની ૩૯મી બેઠકની કાર્યનોંધ પર પગલાં લેવા બાબત.

સંદર્ભઃ-આપના પત્ર જા.નં.આકૃયુ/ રજી/ એકે(મીટીંગ) /૧૧૪/૧૪૨૫-૨૭,૨૦૧૫ તા.૧૯/૧૧/૧૫

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે તા.૧૫/૧૦/૨૦૧૫ના રોજ નિયામક મંડળની ૩૯મી બેઠક મળેલ હતી તેમાં મુદા.નં.૩૯.૩માં આચાર્યશ્રી, બં.અ.કૃષિ મહાવિધાલય, આ.કૃ.યુ. આણંદ હસ્તકના અગ્રોનોમી ફાર્મ ખાતે થયેલ વેચાણની આવક થયેલ નાણાંની ઉચાપત બાબતે જવાબદાર અધિકારીઓ/કર્મચારી સામે ખાતાકીય તપાસની કાર્યવાહી પૂર્ણ થયેલ છે પરંતુ તપાસ અધિકારી તરફથી તપાસ અહેવાલ રજુ થયેલ નથી. તપાસ અહેવાલ આવેથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

બેઠકમાં રજુ કરેલ મુદા.નં.૩૯.૪માં ડૉ. એન.જે. વિહોલ, સહ પ્રાધ્યાપકે અન્ય સ્ત્રી સાથે બીજા લગ્ન કરી ગેરવર્તણુંક કરતા તેમના પરણીત પત્નિ શ્રીમતી ગીતાબા એન. વિહોલે ફરીયાદ કરેલ આ અંગે યુનિવર્સિટીના શિસ્ત અને અપીલ નિયમો મુજબ તેમની સામે કાર્યવાહી કરવા સારૂં ડૉ.વિહોલને તા.૧૪/૮/૧૫ના પત્રથી તહોમતનામું આપેલ છે અને આ તહોમતનામાંના સંદર્ભમાં ડૉ.વિહોલે તા.૧૯/૯/૧૫ના પત્રથી બચાવનામું રજુ કરવા વધારાના દસ્તાવેજો માંગેલ છે જે તા.૨૦/૧૧/૧૫ના પત્રથી મોકલી આપેલ છે.

આમ લીગલ શાખાના ઉપરોકત બંને મુદાની કાર્યવાહી હાલ ચાલું છે.

કુલસચિવ